**રાજ્ય સરકારના કર્મચારીઓ માટેની જૂથ વીમા યોજના ૧૯૮૧ હેઠળ કાપવામાં આવતા માસિક ફાળા અને તેને અનુરૂપ મળવાપાત્ર વીમા રક્ષણની રકમમાં વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર

**નાણા વિભાગ**

ઠરાવ ક્રમાંક:–જવય/૧૦૨૦૨૦/૫૭૯/ઝ

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ– ૨૪–૦૯–૨૦૨૨

**વંચાણે લીધા** : –

(૧) નાણા વિભાગનો તા. ૧૦/૧૧/૧૯૮૧નો ઠરાવ ક્રમાંક: એપીબી/૧૦૮૧/૩૧/ઝ

(૨) નાણા વિભાગનો તા. ૧/૯/૧૯૮૯નો ઠરાવ ક્રમાંક: જીઆઇએસ/૧૦૮૯/ જીઓઆઇ–૧/ઝ.૧

(૩) નાણા વિભાગનો તા. ૨૬/૩/૯૩નો ઠરાવ ક્રમાંક: જીઆઇએસ/૧૦૯૩/૯૯/ઝ.૧

(૪) નાણા વિભાગનો તા. ૩૧/૧૨/૨૦૦૨નો ઠરાવ ક્રમાંક: જવય/૧૦૦૧/ઓ–૨૭૫/ઝ

**ઠરાવ** : –

રાજ્ય સરકારના કર્મચારીઓને ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં વીમા રક્ષણનો લાભ મળે તથા નિવૃત્તિ સમયે એકત્રિત બચતનો લાભ મળે તેવા આશયથી વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ તા. ૧૦/૧૧/૧૯૮૧ના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓ માટે તા.૧/૪/૧૯૮૨ જૂથવીમા યોજના લાગુ પાડવામાં આવેલ હતી. આ યોજનામાં વિવિધ પગારધોરણ અનુસાર જૂથ ક, ખ, ગ અને ઘ નક્કી કરી જૂથ અનુસાર અનુક્રમે રૂ. ૮૦, રૂ. ૪૦, રૂ. ૨૦ અને રૂ. ૧૦નો ફાળો કાપી તેને અનુરૂપ વીમા રક્ષણ આપવાનું નિયત કરવામાં આવેલ હતું.

૨. વંચાણે લીધેલ ક્રમ (૨) અને ક્રમ (૩) સામે દર્શાવેલ ઠરાવોથી જૂથવીમા યોજના હેઠળ લેવામાં આવતા માસિક ફાળા અને તેને અનુરૂપ વીમા રક્ષણની રકમમાં વધારો કરવામાં આવેલ હતો. છેલ્લે વંચાણે લીધેલ ક્રમ (૪) સામે દર્શાવેલ તા. ૩૧/૧૨/૨૦૦૨ના ઠરાવથી જૂથ ક, ખ, ગ અને ઘ માં અનુક્રમે રૂ. ૪૦૦, રૂ. ૨૦૦, રૂ. ૧૦૦ અને રૂ. ૫૦ નો ફાળો કાપી તેને અનુરૂપ વીમા રક્ષણમાં વધારો કરવામાં આવેલ છે. જે મુજબની કપાત અને વીમા રક્ષણ હાલમાં અમલી છે.

૩. રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવામાં આવતાં પગારમાં થયેલ વધારાને ધ્યાને લેતાં કર્મચારીઓને વધુ વીમા રક્ષણ તથા નિવૃત્તિ સમયે વધુ એકત્રિત બચતનો લાભ મળી રહે તેવા આશયથી સભ્યોને આપવાના થતા ફાળામાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આથી, આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે, તા.૧/૧૦/૨૦૨૨ થી રાજ્ય સરકારના કર્મચારીઓ માટેની જૂથવીમા યોજના હેઠળ સભ્યોનો ફાળો માસિક રૂ. ૨૦૦ના એકમમાં રહેશે. તેમજ વીમા રક્ષણની રકમ પ્રત્યેક એકમના ફાળા માટે રૂ. ૨,૫૦,૦૦૦ રહેશે. તદનુસાર યોજનાના સભ્યોના પગારમાંથી ફાળાની કપાતની રકમ તથા વીમા રક્ષણની રકમ નીચે મુજબ રહેશે.

| **ક્રમ** | **જૂથ** | **હાલના માસિક ફાળાની કપાત (રૂ.)** | **હાલની વીમા રક્ષણની રકમ (રૂ.)** | **તા. ૧/૧૦/૨૨ થી માસિક ફાળાની કપાત (રૂ.)** | **તા. ૧/૧૦/૨૨ થી વીમા રક્ષણની રકમ (રૂ.)** |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ક | ૪૦૦ | ૪,૦૦,૦૦૦ | ૧૬૦૦ | ૨૦,૦૦,૦૦૦ |
| ૨ | ખ | ૨૦૦ | ૨,૦૦,૦૦૦ | ૮૦૦ | ૧૦,૦૦,૦૦૦ |
| ૩ | ગ | ૧૦૦ | ૧,૦૦,૦૦૦ | ૪૦૦ | ૫,૦૦,૦૦૦ |
| ૪ | ઘ | ૫૦ | ૫૦,૦૦૦ | ૨૦૦ | ૨,૫૦,૦૦૦ |

૪. રાજ્ય સરકારની સેવામાં જોડાયેલ તમામ નિયમિત કર્મચારીઓ માટે ઉક્ત દર મુજબની કપાત ફરજિયાત રહેશે. આ યોજના હેઠળ તમામ કર્મચારીઓની કપાત તા. ૧/૧૦/૨૦૨૨થી થાય તે જોવાની જવાબદારી જે તે વિભાગ/ખાતા/કચેરીના વડાની રહેશે.

૫. જૂથવીમા યોજનાના અમલ અંગેની ઉપરોક્ત દર્શાવ્યા સિવાયની અન્ય તમામ સૂચનાઓ/હુકમો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડિયલ)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(નાણા)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ – નાણા શાખા સહિત
- આઇ.ટી કો–ઓર્ડીનેટર, નાણા વિભાગ – વેબ સાઇટ ઉપર મુકવા માટે
- સિલેકટ ફાઇલ – ઝ શાખા
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ

/////////////////////////////////

* પત્ર દ્વારા